## પ્રૌઢશિક્ષણ માટેનું પ્રમાણીત સાહિત્ય

### સંપાદકો : ગિજુભાઈ અને તારાબેન

૧ ગણપતિ બાપા
૨ ચેલૈયો
૩ ઊભું હતું, ઊભુ હતું
૪ હજામડી
૫ કમાટ
૬ બાળ૦ બીરબલ-૧
૭ ગોપીચંદ
૮ બાળનાટકો-૧
૯ હંસ અને હંસા
૧૦ તીરંદાજ
૧૧ ગામડામાં મળજો
૧૨ બાળપ્રવાસો
૧૩ મારા ગોઠિયા
૧૪ જરા હસો
૧૫ ક્યાંથી આવ્યાં
૧૬ મકનો ને રાક્ષસ
૧૭ રૂપસિંહ-રામસિંહ
૧૮ ટપાલની પેટી
૧૯ ગધેડું
૨૦ ચીડિયાખાનું
૨૧ મહાસભાઓ
૨૨ કહેવતોનાં મૂળ
૨૩ ગપગોળા
૨૪ આફ્રિકા સાંભર્યું
૨૫ શબ્દપોથી
૨૬ વાક્યપોથી
૨૭ ચિઠ્ઠીપોથી
૨૮ નાના પાઠો
૨૯ મોટા પાઠો
૩૦ નાની વાતો
૩૧ ઘરમાં
૩૨ આંગણામાં
૩૩ શેરીમાં
૩૪ બાળશાળામાં
૩૫ ગામમાં
૩૬ ફરવા જઈએ
૩૭ જુગતરાંમના પાઠો
૩૮ ભોં ભોં ભોં
૩૯ ગધેડું ને ઘોડું
૪૦ દાદા દર્શને
૪૧ બાળનાટકો-૨
૪૨ સવારથી માંડીને
૪૩ કુદરતમાં
૪૪ મોતિયો
૪૫ રામજી૦ પડી ગયા
૪૬ મંગેશનો પોપટ
૪૭ ધોબીડો ધુએ છે
૪૮ પીરૂ અને-
૪૯ છાણાં થાપી આવ્યાં
૫૦ મામાની જાય
૫૧ વાડામાં
૫૨ રોજનીશી
૫૩ બાળ૦ બીરબલ-૨
૫૪ છેટા રહેજો માબાપ
૫૫ મારી ગાય
૫૬ કમળાબેનના પાઠો
૫૭ ગિરિશિખરો
૫૮ કાળા હાથ, કાળી દાઢી
૫૯ ખળાવાડ
૬૦ પૂછું ?
૬૧ ઓત૦ દીવાલો-૧
૬૨ ઓત૦ દીવાલો-૨
૬૩ બુદ્ધચરિત્ર
૬૪ ગુજરાત-મહારાષ્ટ્ર
૬૫ જોડકણાં
૬૬ કહેવતસંગ્રહ
૬૭ હરિશ્ચંદ્ર
૬૮ એમ કેમ ?
૬૯ સાજા રહીએ
૭૦ વ્યાકરણપોથી
૭૧ વરતસંગ્રહ
૭૨ રમતજોડકણાં
૭૩ શિવાજી મહારાજ
૭૪ દુહા અને સોરઠા
૭૫ વિનોદ-ટૂચકા
૭૬ બાળકોના લેખો
૭૭ આપણે પોતે
૭૮ કાવ્યસંગ્રહ
૭૯ છેલ્લો પાઠ
૮૦ સંપાદકોનું કથન

### બાળસાહિત્ય ગુચ્છ

૧ જોયું ને આંખ ઠરી
૨ ઠેકંઠેકા
૩ દાદાજીની તલવાર
૪ વસંત આવી
૫ તક્તક્ તરૂરૂરૂ
૬ વિલાયતી વાતો
૭ ગામડામાં ગયો હતો
૮ ટેક
૯ આંબો રોપ્યો
૧૦ સટરપટર વાતો
૧૧ ભેંશના શિંગડામાં
૧૨ લાલ અને હીરા
૧૩ જીવજંતુ
૧૪ હેમુભાઈના પાઠો
૧૫ કાવ્યો-રેખાચિત્રો
૧૬ પક્ષીઓ
૧૭ વૃક્ષો
૧૮ વિજ્ઞાન

# બાળસાહિત્યગુચ્છ

સંપાદકો

ગિજુભાઈ

તારાબહેન

## વિજ્ઞાન

શ્રી દક્ષિણામૂર્તિ બાળસાહિત્ય
સંપાદકો : શ્રી ગિજુભાઈ અને તારાબહેન

## બાળસાહિત્ય ગુચ્છ

# વિજ્ઞાન

: લેખક :

ગિજુભાઇ

પ્રૌઢશિક્ષણ નિયામકશ્રીના પત્ર નં. પઢશ/૮૯-ગ-૧/૧૦૪૫-૧૧૫૦
તા. ૨૪-૪-૧૯૮૯ના પત્રથી જનશિક્ષણ કેન્દ્રો તથા અનૌપચારિક શિક્ષણ
માટે ખરીદવા ભલામણ થયેલ છે.

આર. આર. શેઠની કંપની
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૪૦૦ ૦૦૨ * ગાંધી રોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠની કંપની
મુંબઈ ૪૦૦ ૦૦૨ • અમદાવાદ ૩૮૦ ૦૦૧

©
પ્રકાશકનાં

પુનઃસંપાદિત : પુનર્મુદ્રણ
નવેમ્બર ૧૯૮૯ : પ્રત ૨૧૦૦

રૂ. ૩—૦૦

મુદ્રક
ભગતભાઈ બી. શેઠ, શ્રી પ્રવીણ પ્રિન્ટરી
ભગતવાડી, સ્ટેશન રોડ, સોનગઢ ૩૬૪૨૫૦

## એમાં હાથને શું ?

"હેં બા ! પગમાં કાંટો લાગ્યો ત્યાં તો ઝટ દઈને હાથ લાંબો થયો ને એણે ખેંચી કાઢ્યો. પણ એમાં હાથને શું ? હાથને તો કાંઈ નહોતું લાગ્યું."

"છે તો નવાઈ જેવું, પણ એમ જ છે."

"પણ એનું કારણ શું ?"

"કારણ કાંઈ નહિ. પગમાં કાંટો લાગે તો હાથ જ ખેંચે ને ? પગ કાંઈ થોડો ખેંચવાનો હતો ?"

"પણ બા ! મારું કહેવું એમ છે કે પગમાં કાંટો લાગ્યો એની હાથને ખબર કેમ પડી ? હાથને વળી કોણે કહ્યું કે તું કાંટો ખેંચ ?"

"એમાં વળી ખબર શી પડવી'તી ? ને કહેતું'તું કોણ ? એ તો એમ જ હોય. પગમાં કાંટો લાગે તો હાથ જ ખેંચે ના ?"

"ના બા, એમ ન હોય. કાંઈક હશે ખરું. આજે હું બાપુને જ પૂછવાનો."

સાંજ પડી એટલે બાપુ ઘેર આવ્યા. આવતાંવેંત

જ બાલુએ બાપુને પૂછ્યું : "હેં બાપુ! કાંટો તો પગમાં લાગે છે ને હાથ કેમ ખેંચે છે? બા કહે છે કે એ તો એમ જ હોય. મને થાય છે કે એમ કેમ હોય? એનું કારણ શું?"

બાપુ: "એનું કારણ તો છે જ, અને તે જાણવા જેવું પણ છે."

બાલુ: "ત્યારે કહો ને? ઝટ કહો."

બાપુ કોટટોપી ઉતારી નિરાંતે બેઠા ને બાલુ તેની સામે બેઠો. બાલુનું મન જાણવા માટે તલપાપડ થઈ રહ્યું હતું. મન ઉપર ખૂબ ઊભરો હતો.

બાપુએ શરૂ કર્યું: "જો આપણું માથું છે ના, એની ખોપરીમાં મગજ છે. એમ સમજ કે મગજ એક મોટી જબરી તાર ઑફિસ છે, અને એ ઑફિસમાં પાંચ બીજી ઑફિસો છે. એક આંખની ઑફિસ, બીજી કાનની, ત્રીજી નાકની, ચોથી જીભની અને પાંચમી ચામડીની. આ પાંચે ઑફિસોમાં એક એક માસ્તર રહે છે. એ સૌનો ઉપરી એક છઠ્ઠો માસ્તર છે. આ માસ્તરનું નામ મન."

"આ પાંચ ઑફિસોની પાંચ દુકાનો છે—પાંચ પેઢીઓ છે: આંખ, નાક, કાન, જીભ, અને ચામડી. બધી ઑફિસો વચ્ચે તારનાં દોરડાં જેવાં પાતળાં અને લાંબાં એવાં દોરડાંઓ છે. આ દોરડાંઓથી ઑફિસ અને દુકાન વચ્ચે



વાતચીત ચાલે છે. દુકાનમાં જે કાંઈ થાય છે તેના ખબર તારથી ઑફિસમાં તાબડતોબ પહોંચે છે."

બાલુ: "આ તો ગમ્મત જેવું લાગે છે!"

બાપુ: "ધાર કે હું તને અડું, તો તારી ચામડીને ખબર પડેને કે હું અડ્યો?"

બાલુ: "હા."

બાપુ: "અને જેવો હું તને અડું કે તરત જ તારી ચામડીની પાછળ ગોઠવાયેલાં દોરડાં મગજમાં ખબર આપે છે કે કોઈ ચામડીને અડ્યું."

બાલુ: વાત તો સાચી."

બાપુ: "તારી આંખ આગળ બિલાડી આવી. આંખે તે ભાળી કે તરત દોરડા વાટે ખબર આપે છે કે બિલાડી દેખાઈ. આ જ રીતે તારે કાને કંઈ બોલ પડ્યા તો તરત જ તેના ખબર મગજમાં પહોંચે છે."

બાલુ: "સાચે જ, તુરત જ ખબર પડે છે કે કોઈક બોલ્યું! આમ બોલ્યું તેમ બોલ્યું.'

બાપુ: "એમ જ છે, કેમકે શરીર ઉપર પથરાયેલાં દોરડાં બહુ ઝડપથી સંદેશા લઈ જાય છે. વીજળીથી પણ વધારે ઝડપથી"

બાલુ: "હં, હવે મને સમજાયું કે આપણા પગમાં કાંટો વાગે ત્યારે તરત જ મગજમાં ખબર પડે છે કે પગમાં કાંટો લાગ્યો; અને દુ:ખ થાય છે."

બાપુ : "સમજ્યો તો ખરો."

"બાલુ: "એ તો ઠીક. પણ બાપુ! એમાં હાથને શું? હાથ શી રીતે ઊપડ્યો અને કાંટો કાઢ્યો? હાથ ઊપડ્યો ને આખું શરીર વળ્યું એ પણ કેમ બન્યું?"

બાપુ: "એમ પણ બને છે, ને તે આ રીતે બને છે. સાંભળ, વાત એમ છે કે જ્યારે જ્યારે આંખ કે કાન કે કોઈ પણ ઇંદ્રિયની ઑફિસમાંથી કશો સંદેશો આવે છે, ત્યારે મન વિચાર કરે છે કે આ બાબતમાં શું કરવું?"

બાલુ: "આ વળી નવું નીકળ્યું!"

બાપુ: "નવું તો છે જ ને? બધું જૂનું છે, પણ ન જાણીએ ત્યાં સુધી નવું. ઠીક; પણ હું એમ કહેતો હતો કે મન વિચાર કરીને હુકમો કાઢે છે."

બાલુ: "હુકમો? કોના ઉપર હુકમ કાઢે? કેવા કાઢે?"

બાપુ: "હા, હુકમો કાઢે. હાથ, પગ, વાંસો, ડોક, આંખ, કાન: એટલે કે શરીરના બધા ભાગો પર--શરીર આખા ઉપર મનનો હુકમ ચાલે છે. શરીરનો રાજા મન છે."

બાલુ: "ત્યારે તો ઠેકાણે ઠેકાણે એ હુકમોને કોઇ લઈ જનાર પણ હશે."

બાપુ: "છે જ. પેલાં ખબર આપનારાં દોરડાં



જેવાં જ બીજાં હુકમો લઈ જનારાં દોરડાં છે. તને યાદ રહે તો કહું. ખબર આપનારા દોરડાંઓને જ્ઞાનતંતુઓ કહે છે, અને હુકમો લઈ જનારાં દોરડાંઓને ક્રિયા-તંતુઓ કહે છે."

બાલુ: "એટલું તો યાદ રહેશે. જ્ઞાનતંતુઓ અને ક્રિયાતંતુઓ."

બાપુ: "હવે આ ક્રિયાતંતુઓ હાથને અગર પગને, જેને ખબર આપવાની જરૂર હોય તેને ખબર આપે છે, ને કહે છે કે આમ કરો અને તેમ કરો."

બાલુ: "હં, હવે કંઈક સમજણ પડે છે. પગમાં કાંટો લાગ્યો એના ખબર જ્ઞાનતંતુઓ મગજમાં આપ્યા. ત્યાંથી તે મનને મળ્યા. મને ક્રિયાતંતુઓને હુકમ આપ્યો કે હાથને કહો કે પગમાંથી કાંટો ખેંચે."

બાપુ: "બરાબર એમ જ થાય છે."

બાલુ: "પણ આ તો ભારે અજબ જેવું! એક પલકારામાં બધું બને છે."

બાપુ: "એ તો જ્ઞાનતંતુઓ અને ક્રિયાતંતુઓ એટલી બધી ઝડપથી કામ કરે છે, તેમ જ મન પણ સંદેશાઓનો ઝટ હુકમ આપે છે તેથી."

બાલુ: "ત્યારે બાપુ! આવા સંદેશા તો દિવસમાં કેટલાય જાય ને કેટલાય હુકમો નીકળે. આપણે જે જે કર્યા કરીએ છીએ, તેમાં આ સંદેશા ને હુકમો છે જ ના?"

બાપુ: "એમ જ છે તો. માટે તો મેં કહ્યું કે મગજ મોટી ઑફિસ છે. લાખો અને કરોડો તારો આવે અને જાય."

બાલુ: "ત્યારે મનને તો કેટલુંય કામ. એક મોટામાં મોટા રાજા જેટલું એને કામ."

બાપુ: "હાસ્તો."

બાલુ: "બાપુ! આપણને તો ખબરે નથી પડતી કે આ બધું કામ ક્યારે ને કેમ બને છે. ભારે અજબ જેવું!"

બાપુ: "અજબ જેવું જ છે. શરીરનો સંચો જ ભારે અજબ જેવો છે."

## ખેંચતું કોણ હશે?

દાસભાઈ કહે: "જોજો અલ્યાંઓ, હસતાં ના. હું નાનો હતો ત્યારે એક દૂરદૂરના ગામડામાં રહેતો. એક વાર મોસાળ જવાનું થયું. બા સાથે ગાડામાં બેસી રેલગાડીના સ્ટેશને આવ્યો. સાથે સ્ટેશને સુધી બાપા પણ આવેલા.

રેલગાડીની રાહ જોતાં જોતાં અમે તો બેઠેલાં. ત્યાં તો 'પૂ પૂ પૂ' કરતી ને ગાડી આવી. એવડી લાંબી ડબાની હાર! બાપાએ મને અને બાને ગાડીમાં બેસાર્યાં ને ગાડી ઊપડી.

હું વારેવારે બહાર જોઉં ને વિચાર કરું; "આ ગાડીને તે કોણ ખેંચતું હશે? કોઈ વાંસેથી ધક્કો મારતું હશે કે કેમ? ક્યાંઈ બળદ કે પાડા જોડેલા તો નથી દેખાતા!' હું તો એના એ જ વિચારમાં ગૂંચવાયો. બહુ મૂંઝાયો ત્યારે બાને પૂછ્યું: "હેં બા! આ ગાડીને કોણ ખેંચતું હશે? પાડા કે બળદ?"

બા કહે: "ગાંડો લાગે! જો ને છે ત્યાં એકેય

પાડા કે બળદ ?"

બાએ મને ગાંડો કહ્યો એટલે હું તો ચૂપ થઈ ને બેસી જ રહ્યો. પણ મનમાં તો એ જ વાત ઘોળાઈ.

સ્ટેશનો જતાં અમદાવાદ આવ્યું અને અમે ઊતરી પડ્યાં. મામા અમને લેવા માટે સામે આવેલા. મામાની આંગળી પકડી મેં કહ્યું: "મામા ! કહો ને, આ ગાડીને કોણ ખેંચતું હશે ? કોઈ એને ધક્કો મારતું હશે ? પાડા કે બળદ જોડેલા તો દેખાતા નથી. વખતે ડબ્બામાં પાડાને સંતાડયા હોય ! ચાલો ને જરા મોઢા આગળ જઈને જોઈ આવીએ ?"

મામા જરાક હસ્યા. ગામડાના ભાણુભાઈની અક્કલથી જરા હસ્યા.

મામા મને એન્જન પાસે લઈ ગયા, બધું બતાવ્યું ને સમજાવ્યું કે ગાડી તો આમ ચાલે.

છોકરાંઓમાંથી એક જણે પૂછ્યું: "કહો ને દાસકાકા, ગાડી કેમ ચાલતી હશે ? મને ય રોજ થાય છે કે એ કેમ ચાલતી હશે ?"

લખુ કહે: "દાસકાકા, એમ તો મને ય થાય છે કે કોઈક તો ધક્કો મારતું હશે જ ને ?'

ચંપક કહે: "બા તો કહેતી હતી કે એતો વરાળથી ચાલે છે, વરાળથી. પણ ખબર નથી પડતી કે કેમ ચાલતી હશે."



ધીરુ કહે: "પણ ત્યારે એમાં કોલસા શા માટે બાળે છે ?"

દાસકાકા: "લ્યો ત્યારે હું જ કહું. ચંપકની બા કહે છે તે સાચું છે. રેલગાડી વરાળથી ચાલે છે."

લખુ કહે: "વરાળ કેવી હશે અને એનાથી તે કેમ ચાલે ?"

દાસકાકા કહે: "ઊભા રહો; પૂછું એનો જવાબ આપો જોઈએ ? કહો ઊકળતું પાણી જોયું છે ? એમાંથી ધૂમાડા જેવું નીકળતું દેખ્યું છે ?"

ચંપક–લખુ કહે: "હા હા; એ તો બહુ યે વાર જોયું છે."

દાસકાકા કહે: "ત્યારે એને આપણે વરાળ કહીએ. જો જો હાં, ભૂલતા નહિ. ખરી વરાળ તો દેખાય નહિ. એ તો બહુ જ પાતળી હોય. એ તો જરા ઠરે ત્યારે જ દેખાય."

લખુ કહે: "પણ આવી વરાળથી ગાડી તે શી રીતે ચાલે ? એ તો ધૂમાડા જેવું છે."

દાસકાકા કહે: "વારુ. ચૂલે દાળ ઊકળતી હોય ત્યારે તપેલી પરનું છીબું ઊછળે છે, તે જોયું છે ?"

ચંપક કહે : "હા, એ તો રોજ જોઈએ છીએ."

દાસકાકા કહે: "એ શાથી ઊછળતું હશે તે કહેશો ?"

ધીરુ કહે: "એતો તપેલીમાં પાણી ઊકળે એટલે

છીબું ઊછળે."

દાસકાકા કહે: "પણ પાણી ઊકળે તેમાં છીબું શા માટે ઊછળે?"

રૂખી કહે: "દૈવ જાણે. તપેલી તો અરધી જ પાણીથી ભરેલી હોય ને છીબાને તો પાણી અડતું ય નથી હોતું."

દાસકાકા કહે: "ત્યારે કહું? પાણી ઊકળે એટલે એમાંથી વરાળ નીકળે છે. ધૂમાડા ધૂમાડા જેવું. ને એ વરાળથી છીબું ઊછળે છે."

લખુ કહે: "હં ત્યારે તો વરાળમાં કાંઈક બળ તો ખરું."

દાસકાકા કહે: "ચાલો ત્યારે, હવે જરા કામ કરીએ. જો લખુ, પેલી કીટલી લાવ; પ્રાયમસ લાવ. કીટલીમાં પાણી ભર."

બધું તૈયાર થયું અને દાસકાકાએ પ્રાયમસ સળગાવ્યો. પાણીથી અરધી ભરેલી કીટલી મૂકી. કીટલીનું ઢાંકણું ખૂબ મજબૂત બંધ કર્યું, ને નાળચાને એક બૂચ માર્યો.

પાણી ખૂબ ઊકળ્યું ને ફટ કરતો બૂચ નીકળીને દૂર પડ્યો. દાસકાકાએ એક ચમચો લીધો ને નાળચા આગળ દાબી રાખ્યો. વારેવારે વરાળ આવે, ને ચમચાને ધક્કો મારી પાછો હઠાવે.

છોકરાંઓ તો બધાં આ ખેલ જોઈ જ રહ્યાં હતાં.



દાસકાકા કહે: "કહેશો ના હવે, કે વરાળમાં જોર તો છે! આટલા પાણીની વરાળ ચમચો ધકેલે છે અને બૂચ ઉડાડે છે. ખરું?"

છોકરાંઓ કહે: "વાત તો ખરી."

દાસકાકા કહે: 'ત્યારે હવે રેલગાડી વરાળથી ચાલતી હોય વા એમ બને એ સાચું ખરું કે નહિ?"

લખુ કહે: "ના ન પડાય."

ધીરુ કહે: "હા, હવે સમજાયું. એટલા બધા કોલસા બાળે છે તે પાણીની વરાળ કરવા માટે બાળતા લાગે છે."

દાસકાકા કહે: "અને એ સળગતા કોલસાની લાંબી કોઠી ઉપર જ પાણીની ટાંકી હોય છે."

રૂખી કહે: "ને એ પાણીની વરાળ થતી હશે, ખરું?"

ચંપક કહે: "પણ એ વરાળ પૈડાંને શી રીતે ચલાવતી હશે? એ તો પૈડાં ચાલે તો એન્જિન ચાલે ના? ને આ 'પૂ પૂ પૂ' શી રીતે વાગતું હશે?"

દાસકાકા કહે: "એ તો એક વાર સ્ટેશને જઈને એન્જિન જોઈશું એટલે બધી ખબર પડશે."

ચંપક કહે: "ત્યારે દાસકાકા! આજે જ સ્ટેશને ચાલો ને?"

રૂખી કહે: "હા, આજ ને આજ જ ચાલો; બસ અત્યારે જ."

દાસકાકા કહે: "લ્યો ત્યારે, થાઓ બધાં તૈયાર."

## તજભાઈ કયા દેશના ?

રકાબીમાં પડેલાં લવિંગ, એલચી, તજ, જાયફળ અને જાવંત્રી વાતો કરતાં હતાં.

"હેં તજભાઇ ! કહો તો ખરા કે તમે કયા દેશના ? રોજ પૂછવાનું મન થાય છે કે આ તમે સૌ ક્યાંનાં પણ ભૂલી જ જવાય છે."

તજ કહે: બહેન ! આ બધા લોકો જેને લંકા કહે છે ના, પેલી રામાયણની રાવણની લંકા, ત્યાંના અમે રહેવાશી. ત્યાં તો અમારાં ઝાડોની મોટી મોટી ઝાડી છે; અરે, મોટાં મોટાં જંગલ છે."

એલચી કહે: "પણ ત્યારે તમે તે ઝાડનાં પાંદડાં છો કે મૂળિયાં છો ? ફૂલ છો કે ફળ છો ?"

તજ કહે: "એકે ય નહિ, બહેન ! અમે તો ઝાડની છાલો છીએ. ઝાડ મોટું થાય ના, એટલે છાલ ઉતારીને તડકે સૂકવે, ને એનાં અમે તજ થઇએ. હા, બાકી અમારાં મૂળિયાં ને ફળનું તેલ કાઢે છે; તમે તજનો અર્ક કહો છો એ. જુઓ ને, કાકાના કબાટમાં તજના



અર્કની એક શીશી છે. કોઈ વાર કાકીનું માથું દુખે છે ત્યારે કાકા એને બે ટીપાં ચોપડે છે."

લવિંગ કહે: "પણ બહેન ! તમારાં પગલાં ક્યાંથી થયાં એ તો કહો ? તમે ? તે ડાળેથી ઊતર્યાં, કે મૂળથી થડેથી ઊતર્યાં ?"

એલચી કહે : "ભાઇ ! પગલાં તો થયાં છે મલબાર, ને કોચીન, ને મેંગલોર, ને એ બાજુથી."

તજ કહે: "ઇ વળી ક્યાં આવ્યા ?"

એલચી કહે: "તમે લંકાના, જરા દૂરના રહ્યા. આ આપણા હિંદુસ્તાનમાં મહારાષ્ટ્ર કહેવાય છે ના, એની પાસેના દક્ષિણના મુલકમાં અમે થઈએ."

લવિંગ કહે: "ઠીક, પણ હવે કહો તો ખરાં કે મલબારમાં ક્યાં જન્મ્યાં, ને ક્યાં મોટાં થયાં ?"

એલચી કહે: "એમ તો અમે જન્મ્યાં છીએ ઝાડે; પણ ડાળે યે નહિ ને પાને યે નહિ, પણ ઝાડના મૂળમાં. આ આપણે ભોંયમાં શીંગો થાય છે ના, એમ જ. કહો ને કે અમે એલચીના ઝાડના મૂળમાં બેસીએ છીએ. હા, પણ અમારાં ઝાડ ભોંયશીંગો જેવડા છોડવા નથી થતાં, પણ દેવકેળીનાં ઝાડ જેવડાં થાય છે."

જાયફળ કહે : "તમે પણ જમીનમાં પડ્યાં પડ્યાં જમીનની સુગંધ ઠીક ઠીક ચૂસી લીધી ! ને એટલે જ તો, જ્યાં ને ત્યાં એલચી બાઈ પહેલાં ! દૂધપાકમાં તો

કે એલચી; લાડવામાં તો કે એલચી; મુખવાસમાં તો કે એલચી જોશે."

એલચી કહે : "અને તજની જેમ દવાના કામમાં પણ હું આવું છું, હાં કે. એકલી શોભાની કે મજાની ના સમજતા. પણ લવિંગભાઈ! હવે તમારાં ઠેકાણાં તો કહો? આટલોક દેહ ને આવડું માથું કયા ડુંગરે કે કયા ખાડામાં થયું? તમે તે આપણા દેશના કે પરદેશના?"

લવિંગ "છીએ તો બા પરદેશનાં, પણ એ તો તમારા જ દેશના ભાઈઓએ આણેલાં. અસલ વતન તો મલાક્કા. પણ આફ્રિકાના જંગબારમાં પણ અમે બહુ થઈએ."

જાવંત્રી કહે : "ત્યારે જ ત્યાંના કાળા લોક જેવા કાળા થયા હશો!"

જાયફળ કહે : "ને એના જેવા ઠીંગણા પણ રહ્યા!"

લવિંગ કહે : "મશ્કરી કરો બાપુ, મશ્કરી!"

એલચી કહે : "એ ય મશ્કરી નહિ! કહો જોઈએ લવિંગભાઈ! ક્યાં પાકેલા?"

લવિંગ કહે : "ક્યાં શું, ડુંગરા ઉપર તો નહિ પાક્યા હોઈએ? તમે ઝાડના મૂળમાં થયાં તો અમે ઝાડને માથે. બાકી...."

તજ કહે: "ભાઈ! એમ ગરમ કાં થાઓ? પંડ નાનો ને તીખાશ ભારે!"



લવિંગ કહે: "પણ ત્યારે તજભાઈ, તમે પણ ક્યાં મોળા છો? ચવાઓ તો ખરા કે ખબર પડે!"

એલચી કહે : "અરે ભાઇ! ભેગા રહેવું ને આ તે કાં કાંઈ ઠીક કહેવાય? વારુ લવિંગભાઈ! તમે ઝાડ ઉપર જ પાકો કે કેમ?"

લવિંગ કહે: : "ના, ઝાડ પર નહિ. કાચા હોઇએ ત્યારે ઉતારીને સૂકવે ને પછી...."

તજ કહે: "હવે જવા દો ને, ને આ જાયફળને તો પૂછો કે આપ કિસ દેશકે રહનેવાલે, ઔર જાવંત્રી! આપ ભી કહાંકી રહેનેવાલી?"

જાયફળ કહે : "અમે તો જાણે છીએ પરદેશી. પરદેશી, પણ દૂરના યૂરોપનાં નહિ; નજીકનાં એશિયાનાં એક રીતે તો ઘરનાં જ. અને આપણા દેશમાં પણ થઈએ છીએ તો ખરા."

લવિંગ કહે : "તમે પણ ઝાડે જ થતાં હશો? "ઝાડનાં ફળ લાગો છો"

તજ કહે : "માળું, આ લવિંગની અક્કલ તેજ લાગે છે?"

એલચી કહે: "વળી પાછો કજિયો કરવો છે?"

જાયફળ કહે : "હા, અમે ઝાડ ઉપર જ થઈએ થઈએ છીએ. ઝાડ ઉપર જમરૂખ જેમ લટકીએ છીએ."

જાવંત્રી કહે : "પણ તમને ખબર નહિ હોય કે હું

એના ફળની ફરતી વીંટળાયેલી હોઉં છું. એ તો જાયફળ ઉપરથી છાલાં કાઢી નાખે છે ત્યારે જ જુદી પડું છું."

લવિંગ કહે : "ભારે નવાઈ જેવું !"

એલચી કહે : "આની આપણુને ખબર ન હતી."

તજ કહે: "ત્યારે જ બેઉની વાસ કંઇક મળતી આવે છે!"

જાયફળ કહે : "અને અમને બંનેને લોકો પાનમાં નાખીને ખાય છે. પાકમાં, બાસુંદીમાં અને પકવાનમાં પણ નાખે છે."

એલચી કહે : "તમે તો ભારે નસીબદાર! જન્મથી સાથે ને સાથે જ."

વાતો તો ચાલતી જ હતી. પણ ઘડિયાળમાં દશના ટકોરા થયા, ને મારે કામ ઉપર જવું પડયું. હવે વળી ફરી વખત સાંભળું ત્યારે ખરો. ને સાંભળીશ તો કહીશ પણ ખરો.

# દીવાદાંડી

ગોપનાથના દરિયાકિનારાની ઝીણી મજાની ભીની રેતી ઉપર ચિત્રો કાઢતાં રમણિકે બાપુજીને પૂછયું : "બાપુજી ! પેલું ગોળ મિનારા જેવું શું છે?"

બાપુજી એ કહ્યું : "એ દીવાદાંડી છે."

રમણિકે પૂછયું : "દીવાદાંડી વળી શું ? કયાંઈ દીવો તો દેખાતો નથી."

"હમણાં સાંજ પડશે ત્યારે દીવો પ્રગટાશે એટલે આપણે જોઇ શકીશું."

વેણીએ કહ્યું : "પણ બાપુજી ! ત્યાં દીવો શા માટે રાખ્યો છે? અહીં રાત્રે કોણ આવે છે? અને આવું મોટું ચણીને એમાં દીવો શું કામ કરતા હશે?"

બાપુજીએ કહ્યું : "જેવી રીતે શહેરમાં રસ્તાની બાજુએ ચાલતા માણસો, ઘોડાગાડીઓ ને મોટરો સામે સામે અથવા મકાનો સાથે અથડાઈ ન પડે માટે દીવાના થાંભલાઓ રાખવામાં આવે છે, તેવી જ રીતે ગોપનાથ

પાસેથી જતી આવતી આગબોટો કે વહાણોને માટે આ દીવાનો થાંભલો છે."

રમણિક કહે: "પણ દરિયો તો આવડો મોટો છે. અને એમાં રસ્તા ક્યાં છે?"

"દરિયાનો દીવાથાંભલો વહાણો બીજી રીતે અથડાઇ ન પડે તે માટે છે."

વેણીએ પૂછયું: "એ રીતે વળી કઇ?"

બાપુજી કહે: "દરિયામાં ચાલતાં વહાણો અને આગબોટોને ખબર આપવા માટે આ દીવાદાંડીઓ છે."

રમણિક કહે: "ખબર વળી શાના?"

બાપુજી કહે: "ખબર એ કે અહીં જ્યા દીવાદાંડી છે ત્યાં પથરાનો ખડક છે. આ કિનારો ખડકાળ છે. આ કિનારાની નજીક વહાણ કે આગબોટ લાવશો નહિ. લાવશો તો ભુક્કેભુક્કા થઈ જશે. આ દીવાદાંડી જોઈ ને વહાણવટીઓને દૂરથી ખબર પડે છે કે પેલો કિનારો ખરાબ છે. અગર પેલો બેટ કે જ્યાં દીવાદાંડી છે તેના કિનારા જોખમ ભરેલા છે. આ જોઇ વહાણવટી પોતાનું વહાણ સંભાળથી બાજુ ઉપર હાંકી જાય છે."

રમણિક અને વેણી આશ્ચર્યથી વિચાર કરવા લાગ્યાં. તેઓ બોલ્યાં: "બહુ સરસ યુક્તિ શોધી લાગે છે! બાપુજી, ચાલોને અમને દીવાદાંડી અંદર જઈ ને બતાવો ને?"



તેઓ દીવાદાંડીએ ગયાં અને તેના રખેવાળની રજા લઈ ઉપર ચઢયા. ગોળ જતા દાદરા ઉપર થઈ ને તેઓ ઉપર આવ્યાં. ઉપલો ભાગ ખુલ્લો હતો અને તેની વચ્ચે એક દીવો હતો; અને તેની ફરતો કાચ હતો. ત્યાં તેને સળગાવવાવાળો ઊભો ઊભો કાચને સાફ કરતો હતો, અને દીવો કરવાની તૈયારીમાં હતો.

બાપુજીએ છોકરાંઓને સમજાવ્યું: "જુઓ, આની અંદર દીવો છે. આ દીવો ઘણો સરસ બળી શકે છે."

એટલામાં તો દીવાવાળાએ દીવો સળગાવ્યો અને દીવાનો પ્રકાશ ફરતા જાડા કાચમાંથી બહાર આવવા લાગ્યો. કાચનો ફરતો ગોળ આખો કાચનો નહોતો, પણ અમુક જ ભાગ કાચનો હતો; અને તે આખો ગોળ એની મેળાએ ફરે એવી ગોઠવણ હતી. આને લીધે ઘડીક જ્યારે કાચ દીવા તરફ આવે ત્યારે દરિયા ઉપર કાચમાંથી દીવાનો પ્રકાશ પડતો હતો, અને કાચ ખસી જાય ત્યારે દરિયા ઉપર પડતું હતું. આ રીતે ઘડીક દરિયા ઉપર અજવાળું અને ઘડીક અંધારું થવા લાગ્યું.

આ જોઈ ને છોકરાંઓ વિસ્મય પામ્યાં, અને બાપુજીને કહ્યું: "બરાબર છે, સરસ ખૂબી છે. આગબોટોને અને અને વહાણોને આથી બહુ સરસ ખબર પડતી હશે."

વેણીએ પૂછયું: "પણ બાપુજી! આ ફરતો દીવો શા માટે રાખ્યો હશે?"

રમણિકે કહ્યું: "ના સમજી? સ્થિર દીવો હોય તો વહાણવટીઓને વખતે એમ લાગે કે આ તો કોઈ બીજો દીવો હશે. પણ આ ફરતો દીવો જોઈને તેમને કશી શંકા જ ન રહે કે તે દીવાદાંડી છે નહિ."

બાપુજીએ કહ્યું: "પણ બધી દીવાદાંડીઓ ફરતા ફાનસવાળી નથી હોતી. કોઈ કોઈ દીવાદાંડીઓ સ્થિર પણ હોય છે. અને વહાણવટીઓ તેવી દીવાદાંડીઓને પણ સહેલાઈથી ઓળખે છે."

રમણિકે કહ્યું: "કેટલીક દીવાદાંડીઓ તો દરિયાની વચ્ચે પણ હશે?"

"અલબત્ત, એવી પણ ઘણી"

"પણ અને રાત્રે સળગાવતું કોણ હશે?"

"એના જુદા માણસો જ હોય છે. તેઓ ત્યાં જ રહે છે, અને રાત આખી તેઓ દીવો સળગાવીને ત્યાં બેસી રહે છે."

વેણી કહે: "અહાહા! કેવા સારા માણસો! તેઓ જો દીવો સળગાવે નહિ તો કેટલાંય વહાણો ભાંગી જાય અને કેટલા ય બિચારા ખારવાઓ મરણ પામે."

સળગેલા દીવાનો પ્રકાશ દરિયા ઉપર પડતો હતો. અંધારું થયું હતું. એટલામાં એક વહાણ ત્યાંથી પસાર થતું દેખાયું. અંધારામાં તે ઝબકીને બંધ થતાં દીવાદાંડીના પ્રકાશમાં નજરે પડયું.



બાપુજીએ કહ્યું: "આપણે જેમ વહાણને ઘડીક જોઈએ છીએ. અને ઘડીક નથી જોતા તેમ વહાણમાં બેઠેલા ખલાસીઓ દીવાને ઘડીક જોતા હશે અને ઘડીક નહિ જોતા હોય."

દીવાને અજવાળે વહાણ દેખાતું છેક બંધ થયું ત્યાં સુધી છોકરાંઓ દીવાદાંડી ઉપર ઊભાં રહ્યાં. પછી તેઓ નીચે ઉતરી આકાશના તારાને અજવાળે ઉતારે આવ્યાં, અને દીવાદાંડીની વાતો કરતાં સૂઈ ગયાં.

## દરિયા કિનારે

બીજે દિવસે બાપુજી અને છોકરાંઓ દરિયાકિનારે આવ્યાં. આજે તેઓના જોવામાં ભીની રેતી ન આવી.

વેણીએ કહ્યું : "બાપુજી ! આપણે આજે ક્યાંઈક બીજે આવ્યાં છીએ ?"

"ના: કાલે આવ્યાં હતાં ત્યાં જ આવ્યાં છીએ."

"પણ રમવા માટેની રેતી ક્યાં ગઈ? અહીં તો રેતીનો મોટો એવો પટ હતો, એને બદલે બધે પાણી પાણી છે."

બાપુજીએ કહ્યું : "આજે પૂરી ભરતી છે. અને તેથી પાણી છેક કિનારા સુધી પહોંચ્યાં છે." પછી આંગળી ચીંધીને તેમણે કહ્યું : "આ પાણી છે તેની નીચે તમારી રમવાની રેતી છે ધીરે ધીરે આ ભરતી ઊતરશે અને રેતી નીકળશે એટલે પછી તમે રમી શકશો."

બધાં કિનારે બેઠાં. દરિયાનાં મોજાં ઊછળીને કિનારા સાથે અફળાતાં હતાં, અને ઉપર બેઠેલાં છોકરાંઓને છાંટા ઉડાડતાં હતાં. છોકરાંઓ દૂર દૂરથી ચાલ્યાં આવતાં



અને મોટાં મોટાં થતાં મોજાંઓને જોઈ રહ્યાં હતાં.

વેણીએ કહ્યું : "આ તો ઘોડા જેમ એક પાછળ બીજાં ચાલ્યાં જ આવે છે !"

બાપુજી કહે : "એટલે જ તો મોજાંઓને ઘોડા જેવાં કહેવાય છે."

દૂરથી એક વહાણ ચાલ્યું આવતું હતું. મોજાંઓ ઉપર તે આમતેમ નમતું હતું તે જોવાની છોકરાંઓ બહુ મજા પડી. ધીરે ધીરે દરિયાનાં પાણી પાછાં હઠવા લાગ્યાં અને કિનારાથી દૂર ખસવા લાગ્યાં.

આનંદની બૂમ પાડીને છોકરાંઓ બાપુજી સાથે કિનારેથી નીચે કૂદી પડ્યાં કિનારાની નજીકના નાના મોટા ખડકોમાં પાણી ભરાઈ ગયાં હતાં. ભરતીના પાણી સાથે આવેલાં નાનાં માછલાંઓ તેમાં રહી ગયેલાં હતાં. પાછાં વળતાં પાણીની રેતીમાં નાની નાની નદીઓ બની ગઈ હતી, અને અવાજ વિના દરિયા તરફ ઢળી રહી હતી. છોકરાંઓ છબછબિયાં ઉડાડતાં તેમ ચાલતાં ચાલતાં છેક પાછાં વળતાં પાણી પાસે પહોંચ્યાં. છોકરાંઓ જેમ જેમ પાણી પાસે ચાલતાં ગયાં તેમ તેમ પાણી પાછાં વળતાં ગયાં. એમ કરતાં તેઓ રેતીવાળો કિનારો છોડીને પથરા અને ખરાબાવાળા તળિયા ઉપર આવ્યાં, ને તેઓના પગમાં અણીદાર પથરાઓ ખૂંચવા લાગ્યા.

છોકરાંઓ કહે : "બાપુજી ! કિનારા નજીક તો રેતી છે,

અને અહીં તો ખડક છે. અમને એમ કે બધે રેતી જ હશે."

બાપુજી કહે: "અને એટલા જ માટે આ પાણીમાં છુપાયેલા ખડકોથી વહાણોને બચાવવા અહીં દીવાદાંડી રાખેલી છે."

વેણી કહે: "પથરા એવા અણીદાર છે કે પગને ચીરે છે તેમ વહાણને પણ ચીરી નાખે."

રમણિક કહે: "પણ બાપુજી! બધા કિનારે આવું નહિ હોય."

બાપુજી: "નહિસ્તો."

છબછબિયાં કરતાં છોકરાંઓ પાછાં ફર્યાં. પાણી સાથે તણાતી માછલીઓ અને ભીની રેતીમાં ચાલતા અને પગલાં પાડતા કેટલા ય કરચલા છોકરાંઓએ જોયા. ભરતી સાથે રેતી ઉપર તણાઇને આવી પડેલાં શંખલાં છીપલાં હાલતાં હતાં. છોકરાંઓ અચંબો પામ્યાં. "બાપુજી, બાપુજી! જુઓ તો, આ શંખલાં છીપલાંમાં જીવ છે! આપણે ત્યાં છે એમાં તો નથી."

બાપુજીએ શંખલું ઉપાડી તેમાં રહેલા જીવડાંને બતાવ્યું અને કહ્યું: "આ શંખલું આ જીવડાનું ઘર છે. જીવડું તો આપણી જેમ રહે છે."

વેણીએ કહ્યું "ઓહો! ત્યારે આપણે પેલી મમરી–બધોલાં–ઝીણાં શંખલાંની માળા કરીએ છીએ તે આ જીવડાંનાં ઘરોની?"



બાપુજીએ કહ્યું: "એમ જ."

તેઓ જરા ભીની વવઠાતી રેતી ઉપર બેઠાં ચિત્રો કાઢતાં રમણિકે પૂછ્યું: "આ રેતી ક્યાંથી આવતી હશે, બાપુજી? આવી મઝાની ઝીણી, સૂંવાળી કોણ કરતું હશે?"

"દરિયાનાં પાણી."

"એ કેવી રીતે? દરિયાને તળિયે રેતી હશે, ને ભરતીમાં તે લાવતો હશે?"

"ના. હમણાં જ તમે જોયું ના, કે ભરતીનાં પાણી પેલા કિનારા સાથે અથડાતાં હતાં? તેથી પાણી અથડાતી વખતે કિનારાને ખોદે છે અને તેના મોટા મોટા ટુકડા કરી નાખે છે. આ ટુકડાઓ કેટલીક વાર તો મોટા ઘર જેવડા પણ હોય છે. દરિયાના પાણીમાં અફળાતાં અફળાતા આ ટુકડાઓ મોટામાંથી નાના બને છે. અને નાનામાંથી નાના અને તેમાંથી સાવ ઝીણા રેતી જેવડા બને છે."

વેણી કહે: "પણ એ ગોળ સૂંવાળા કેમ બનતા હશે?"

બાપુજી કહે: "પાણીમાં અથડાવાથી અને ઘસાવાથી તે ગોળ થઈ જાય છે. અને મોટામાંથી નાના થયેલા પથરા આવી રેતીના કણ જેવા ગોળ બને છે."

રમણિક અને વેણી બાપુજી સામે જોઈ રહ્યાં: "આ

તો ભારે ! અમને ખબર નહિ કે રેતી દરિયો બનાવતો હશે. પણ બાપુજી ! એક પથરાની રેતી કેટલે વખતે થતી હશે ?"

બાપુજી કહે : "કેટલે વખતે ? મને ય ખબર નથી. સેંકડો વર્ષે થતી હશે."

છોકરાંઓ આભાં થઇ ને બોલ્યાં : સેંકડો વર્ષે ? અહા ! ત્યારે તો આપણે સેંકડો વર્ષો પહેલાં મોજાંઓએ કિનારેથી તોડીને જુદા પાડેલા પથરાઓ ઉપર બેઠાં છીએ ! આપણે સેંકડો વર્ષ પાછાં ચાલ્યાં ગયાં છીએ."

સાંજ પડવા આવી હતી. બાપુજીએ કહ્યું : "ચાલો, કાલે બહુ મોડું થયું હતું. આજે વહેલાં ઊપડીએ."

છોકરાંઓએ તો રેતી ઉપર બાપુજીની લાકડીથી પોતાનાં નામો લખ્યાં, અને ઘર તરફ ચાલ્યાં. અત્યારે લખેલાં નામો આવતી કાલે ભરતીના પાણીથી ધોવાઇ ગયાં હશે કે નહિ તેની વાતો કરતાં તેઓ ઘેર પહોંચ્યાં.

☆